eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 235
July 02, 2010

## તા.૨૭/૦૬/૨૦૧૦ ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિમર્ળોત્સવ



જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા. ૬/૬/૨૦૧૦ થી તા. ૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિમર્ળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ઉધના ઝોનમાં વિવિધ સ્થળોએ કરવામાં આવેલ ડિમોલીશન કામગીરી

તા. ૨૯–૬–૧૦ ના રોજ માન. કમિશનરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશનરશ્રી (જન) તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત નીચે જણાવેલ સ્થળે ડિમોલીશન ની કામગીરી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા "મેલેરિયા વિરોધી માસ" નિમિત્તે તા.૨૯/૦૬/૧૦ના રોજ ઉધના ઝોનમાં જનજાગૃતિ રેલીનું આયોજન



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરિયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના), વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનીયા વગેરે વેકટર બોર્ન રોગો અંગે જનજાગૃતિ કેળવાય અને લોકોનો સાથ સહકાર મળી રહે તે માટે તા. ૨૯/૦૬/૧૦ ના રોજ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં, તા.૨૯/૦૬/૨૦૧૦નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન ની કામગીરી

આજ રોજ તાપી કીનારે સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કિલ્લાના મેદાન સામે, નહેરૂપુલના છેડે આવેલ રાજા ઓવારોની જગ્યાએ કે જે એલાઈમેન્ટ તથા સુડાના **(P - 32)** હિસ્ટોરીકલ પ્રિઝર્વેશનના રીઝર્વેશનવાળી જગ્યાએ કુલ ૯૫ ઝુંપડાઓનું સ્થળાંતર કોસાડ ખાતે **Jnurm Project** હેઠળના આવાસોમાં કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૭/૦૬/૨૦૧૦ ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિર્મળોત્સવ

જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા. ૬/૬/૨૦૧૦ થી તા. ૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિર્મળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે.

જેના પ્રથમ ચરણ રૂપે જુદા જુદા ઝોનના કુલ ૮ (આઠ) ઓવારાઓ સેન્ટ્રલ ઝોન–નાવડીઓવારો,રાંદેર ઝોન–રામજી ઓવારો, વરાછા ઝોન–વૈદરાજ ઓવારો, મૌની ઓવારો(મહાપ્રભુજીની બેઠક), કતારગામ ઝોન–વીયરકમ કોઝવેના સીંગણપોર તરફના કિનારા પર,અઠવા ઝોન–રામનાથ ઘેલા તેમજ ભગવાન કરૂણાસાગર ઓવારા પર તા. ૦૬–૦૬–૨૦૧૦ના રોજ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ.




દ્વિતીય ચરણરૂપે જુદા જુદા ઝોન કુલ ૫ (પાંચ) ઓવારાઓ સેન્ટ્રલઝોન ડકકા ઓવારો, રાંદેરઝોન સ્વામી નારાયણ મંદિર પાસે, અડાજણ, વરાછાઝોન સિધ્ધકુટીર ઓવારો, કતારગામ ઝોન પાંડવ ઓવારો તથા તેની આજુબાજુનો વિસ્તાર, અઠવાઝોન ઉમરા, કરૂણાસાગર મંદિરની પાસેથી હોટલ ગેટવે સુધીના વિસ્તારમાં તા.૧૩–૬–૨૦૧૦ના રોજ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ.




તૃતીય ચરણરૂપે જુદા જુદા ઝોન કુલ ૫ (પાંચ) ઓવારાઓ સેન્ટ્રલ ઝોન પાતાળી હનુમાન ઓવારો, રાંદેર ઝોન હનુમાન ટેકરી ઓવારો, વરાછાઝોન રામજી મંદિર ઓવારો, કતારગામઝોન લંકાવિજય ઓવારો અમરોલી બ્રિજ પાસે તેમજ કતારગામ વોટર વકર્સ પાસે, અઠવાઝોન અંબાજી મંદિર ઓવારો, આંબેડકર નગરની આજુબાજુનો વિસ્તાર સુધીના વિસ્તારમાં તા. ૨૦–૦૬–૨૦૧૦ ના રોજ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ.

તા. ૨૭/૦૬/૨૦૧૦ રવિવારના રોજ "તાપી નિર્મળોત્સવ" ના ચતુર્થ ચરણરૂપે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી નીચે જણાવેલા ઓવારા/ સ્થળોએ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું.

| **ઝોન** | | **સ્થળ** | **સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓ** |
|---|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | ઘંટા ઓવારો તથા | યંગસ્ટાર ગૃપ સુરત |
| | | રાજા ઓવારો | આર્ય સમાજ મંદિર,સુરત. |
| રાંદેર ઝોન | : | કુરૂક્ષેત્ર ઓવારો, જહાંગીરપુરા | કુરૂક્ષેત્ર સ્મશાન ભુમિ ટ્રસ્ટ |
| | | | સંતશ્રી લાલબાપા આશ્રમ (રામમઢી યુવક મંડળ) |
| | | | સેઈલર કલબ(પાંચ પીપળા રાંદેર) |
| | | | ખલાસી ટીમલાપંચ ઢીંગલી ફળીયા, રાંદેર |
| | | | દુધેશ્વર યુવક મંડળ, પાંચ પીપળા, રાંદેર |
| | | | પટેલ યુવક મંડળ, ઝંડાચોક, રાંદેર |
| | | | ખલાસી ટીમલાપંચ હનુમાન ટેકરી, રાંદેર |
| | | | પર્યાવરણ જાળવણી સેવા સાર્વજનિક ટ્રસ્ટ |
| | | | અડાજણ યુવક મંડળ |
| | | | મહિલા મંડળ, જહાંગીરપુરા |
| | | | હરિઓમ આશ્રમ મંડળ, |
| | | | કુરૂક્ષેત્ર મહાદેવ ટ્રસ્ટ |
| | | | ઈસ્કોન યુવક મંડળ |
| | | | આગાખાન સ્ટાઉટ ગ્રુપ, રાંદેર. |

Continue …

| | | | |
|---|---|---|---|
| વરાછા ઝોન | : | વૈદરાજ ઓવારો અને<br>મૌની ઓવારો | સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ<br>સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ<br>સુરત ડાયમંડ એસોસીએશન<br>ઉમિયા પરિવાર<br>સુસંસ્કાર દીપ યુવક મંડળ<br>સંકલ્પ ગૃપ<br>ઈ.એમ.ચેરીટેબલ ટ્રસ્ટ, પી.પી.સવાણી સ્કુલ,<br>પી.પી.સવાણી હાર્ટ ઈન્સ્ટીટયુટ<br>ઝડફીયા સ્કુલ<br>સરસ્વતી વિદ્યાભવન<br>સત્ય સનાતન મહિલા મંડળ<br>રત્ન કલાકાર સંઘ<br>લોક સમર્પણ રકતદાન કેન્દ્ર<br>લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક<br>સ્વામી વિવેકાનંદ સેવા ટ્રસ્ટ<br>શ્યામ સખી મંડળ |
| કતારગામ ઝોન | : | ૧. મોટીવેડ પાગલબાવા ઓવારો<br>૨. ડભોલી વણઝારાવાસ ઓવારો | વેલકમ કલીયારીટી કલબ,કતારગામ<br>ગુરૂકુળ આશ્રમ, મોટી વેડ<br>હરે કૃષ્ણ ટ્રસ્ટ<br>વિશ્વ હિંદુ પરિષદ<br>નિલકંઠ મહાદેવ ટ્રસ્ટ<br>રજપૂત ફળિયા યુવક મંડળ, ડભોલી<br>વિરામ નગર યુવક મંડળ, ડભોલી<br>સિધ્ધાર્થ ચોક યુવક મંડળ, ડભોલી<br>કેસરી નંદન પરિવાર યુવક મંડળ |
| અઠવા ઝોન | : | જવાહરલાલ નેહરુ ઉદ્યાન ઓવારો (ચોપાટી) | નેચર કલબ,સુરત<br>શ્રી સાંઈશ્રધ્ધા ચેરીટેબલ ટ્રસ્ટ |



સેન્ટ્રલ ઝોનમાં આવેલ ઘંટા ઓવારો તથા રાજા ઓવારો ખાતે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, મા.કમિશનરશ્રી એસ. અપર્ણા, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં યંગસ્ટાર ગૃપ સુરત,આર્ય સમાજ મંદિર,સુરતના અંદાજે ૨૦ જેટલા સ્વયં સેવકો/બાળકો તથા સુરત મહાનગરપાલિકાના ૩૧૫ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને પ્લાસ્ટીક, ફુલનો કચરો વગેરે જેવા ૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.





રાંદેર ઝોનમાં કુરૂક્ષેત્ર ઓવારો, જહાંગીરપુરા ખાતે મા.કમિશનરશ્રી એસ. અપર્ણા, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુરૂક્ષેત્ર સ્મશાન ભુમિ ટ્રસ્ટ, સંતશ્રી લાલબાપા આશ્રમ (રામમઢી યુવક મંડળ), સેઈલર કલબ (પાંચ પીપળા રાંદેર), ખલાસી ટીમલાપંચ ઢીંગલી ફળીયા, રાંદેર, ઈસ્કોન યુવક મંડળ વગેરે ૧૪ સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૧૧૨ સ્વયંસેવકો/બાળકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૨૦ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને સૂકો કચરો, લીલ, જળકુંભી વગેરે જેવા ૭૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

Continue …

કતારગામ ઝોનમાં મોટીવેડ પાગલબાવા ઓવારો અને ડભોલી વણઝારાવાસ ઓવારો ખાતે મા.કમિશ્નરશ્રી એસ. અપર્ણા, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વેલકમ કલીયારીટી કલબ,કતારગામ,ગુરુકુળ આશ્રમ, મોટી વેડ,હરે કૃષ્ણ ટ્રસ્ટ, વિશ્વ હિંદુ પરિષદ વગેરે ૦૯ સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૧૫૦ સ્વયંસેવકો/બાળકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૨૨ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને જળકુંભી,સોલીડ વેસ્ટ અને સુકા છાણા વગેરે જેવા ૫૪ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

વરાછા ઝોનમાં વૈદરાજ ઓવારો અને મૌની ઓવારો ખાતે મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મા. શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, માજી મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, સ્વામી વિવેકાંનદ સેવા ટ્રસ્ટ, ઈ.એમ.ચેરીટેબલ ટ્રસ્ટ, લોકદ્રષ્ટિ ચક્ષુબેંક, સરસ્વતી વિદ્યાભવન વગેરે ૧૩ જેટલી સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૮૨૫ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૫૧ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને જળકુંભી વગેરે જેવા ૩૧.૬૯૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.







અઠવા ઝોનમાં જવાહરલાલ નેહરુ ઉદ્યાન ઓવારો (ચોપાટી) ખાતે ઉપસ્થિત મા.કમિશ્નરશ્રી એસ. અપર્ણા, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં નેચર કલબ,સુરત અને સાંઈ શ્રધ્ધા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૧૫ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૮૦ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને માટી મિશ્રિત કચરો,કાદવ વગેરે જેવા ૪૧ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આમ, તાપી નિર્મળોત્સવ અંતર્ગત આજ રોજ શહેરના કુલ ૫(પાંચ) ઓવારા પર શહેરની ૪૦ જેટલી સેવાભાવી સંસ્થાઓના ૧૧૨૨ જેટલા સ્વયંસેવકો/બાળકો અને સુરત મહાનગરપાલિકાના ૮૮૮ જેટલા અધિકારી/ કર્મચારીઓ દ્વારા ૬ જે.સી.બી., ૫ ડમ્પર, ૭ લોડર, ૭ ટ્રક, ૨૯ ટ્રેકટર, ૩ ટેમ્પા, ૧ કન્ટેનર, ૧ ફાયર ફાઈટર, ૩ હોડી, ૧ ટેન્કર, ૨ પંપ વિગેરેની મદદથી સફાઈ કામગીરી હાથ ધરી કુલ ૨૦૯.૬૯૦ ટન જેટલા કચરાનો નિકાલ કર્યો હતો.

''તાપી નિર્મળોત્સવ'' અંતર્ગત યોજાયેલ સફાઈ કાર્યક્રમમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. કમિશ્નરશ્રી એસ. અપર્ણા તથા મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શહેરીજનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## ઉધના ઝોનમાં વિવિધ સ્થળોએ કરવામાં આવેલ ડિમોલીશન કામગીરી

આજ રોજ તા. ૨૯–૬–૧૦ ના રોજ માન. કમિશનરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશનરશ્રી (જન) તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત નીચે જણાવેલ સ્થળે ડિમોલીશન ની કામગીરી કરવામાં આવેલ છે.






૧) સાઉથઝોન (ઉધના)માં આવેલ પિયુષ કોમ્પ્લેક્ષના ત્રણ રસ્તાના જંકશન પર પાંડેસરા હાઉસીંગ બોર્ડ પ્લોટ નં. બી /૭ ના મિલ્કતદાર ધ્વારા પ્રથમ માળ ઉપર ૭૫૦ ચો. ફુટ માપ વિસ્તારમાં કોર્મશીયલ વપરાશનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. અગાઉ આ ગેરકાયદેસર બાંધકામ મિલ્કતદાર ધ્વારા થયેથી ઉધના ઝોન ધ્વારા આ ગેરકાયદેસર બાંધકામ દૂર કરી રૂા. ૨૫૦૦૦/– દંડ ફટકારવામાં આવેલ. જે ગેરકાયદેસર બાંધકામ ફરી થતાં તમામ ગેરકાયદેસર બાંધકામ ન કરવાની બાંહેધરી સાથે રૂા. ૫૦,૦૦૦/– ડિપોઝીટ તરીકે વસુલ લેવામાં આવેલ છે.

૨) ઉપરોક્ત સ્થળની નજીક ટી.પી. ૨(ઉધના), ફા.પ્લોટ નં. ૪૯ માં અલથાણ બમરોલી મુખ્ય માર્ગ ઉપર શકિતનગરના જંકશન પાસે ૪૦' રસ્તાને અડીને પ્લોટ નં. ૯ માં પાંચ દુકાનોનું કુલ ૧૩૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ શરૂ થતા તથા ટી.પી. રસ્તાના માર્જીનનો સરીયામ ભંગ થતા આ ગેરકાયદેસર બાંધકામ સંપૂર્ણ ધ્વસ્ત કરેલ છે. તથા મિલ્કતદારની સામે દંડકીય કાર્યવાહી શરૂ કરી છે.

૩) ઉપરોકત સ્થળની બાજુમાં ટી.પી.૨ (ઉધના), ફા. પ્લોટ નં. ૪૯ માં પ્લોટ નં. ૧ થી ૫ માં પાંચ ઈન્ડસ્ટ્રીયલ ગાળાઓનું બાંધકામ થયેલ જે બાંધકામમાં મિલ્કતદારો ધ્વારા અગાઉ ઈન્ડસ્ટ્રીયલ હેતુનો જ ઉપયોગ કરવા બાંહેધરી આપેલ પરંતુ મુખ્ય માર્ગને અડીને આવેલ આ પાંચ ઈન્ડ. ગાળાઓનો કોર્મશીયલ –દુકાનોના હેતુ માટેનો ઉપયોગ કરવા શટર્સ સહિત દુકાનોનું કામ શરૂ કરતાં તમામ ગાળામાં પ્રથમ તથા બીજા માળે આવેલ ૨૦ નંગ શટર્સો દૂર કરવામાં આવેલ છે. તથા આંતરિક દિવાલોનું આશરે ૪૦૦૦ ચો.ફુટનું બાંધકામ દૂર કરેલ છે. અને ડિમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦,૦૦૦/– તથા ફરી કોર્મશીયલ વપરાશ ન કરવાની બાંહેધરી પેટે રૂા. ૩,૦૦,૦૦૦/–ની ડિપોઝીટ વસુલ લેવામાં આવેલ છે.

૪) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫૭ (પાંડેસરા) દક્ષેશ્વર મેઈન રોડ પર આવેલ દુકાન નં. ૩૩ થી ૪૨ના પહેલા માળે આશરે ૧૮૦૦ ચો.ફુટ દિવાલો અને ગર્ડર નાંખી કોર્મશીયલ હેતુસરનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તથા રૂા. ૧૫,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના દબાણ સ્ટાફ તથા શહેર વિકાસનો સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સીકયોરીટી સ્ટાફ તથા જે.સી.બી. મશીન અને ફાયર વિભાગના સ્ટાફની મદદ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા "મેલેરિયા વિરોધી માસ" નિમિત્તે તા.૨૯/૦૬/૧૦ના રોજ ઉધના ઝોનમાં જનજાગૃતિ રેલીનું આયોજન



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરિયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન(ઉધના), વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનીયા વગેરે વેકટર બોર્ન રોગો અંગે જનજાગૃતિ કેળવાય અને લોકોનો સાથ સહકાર મળી રહે તે માટે તા. ૨૯/૦૬/૧૦ ના રોજ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ રેલીમાં ઝોનના મ્યુ.સભ્ય શ્રીમતી સુશીલાબેન હટકર(ચેરમેનશ્રી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ), શ્રી મૂળજીભાઈ માધવભાઈ ઠકકર(વાઈસ ચેરમેનશ્રી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ), શ્રી કિશોરભાઈ વાઘેલા, શ્રી રામપ્યારે શર્મા, શ્રી કાંતિભાઈ જોષી, શ્રી સિધ્ધાર્થભાઈ સરદાર, શ્રીમતિ વિમલાદેવી પાઠક તથા ઝોનલ ઓફિસરશ્રી ડી.સી.ગાંધી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.સી.ભટ્ટ, આસી. જંતુનાશક અધિકારીશ્રી કે.બી.દેસાઈ સહિત ઝોનના આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક, પ્રાયમરી હેલ્થ વર્કર, મુકાદમો તથા બેલદાર તેમજ સનગ્રેસ સ્કૂલ, ટી.ડી.વશી સ્કૂલ, સમિતિ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૧૯૭,૨૦૬ના શિક્ષણગણ અને આશરે ૬૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રેલીને સફળ બનાવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ તેમજ પ્રાયમરી હેલ્ય વર્કરોએ મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનીયા, ફાઈલેરિયા વગેરે રોગોથી બચવા જોગ પગલાં અંગે બેનરો, સૂત્રોચ્ચાર તથા પેમ્પલેટ વિતરણથી જાહેર જનતાને આરોગ્ય શિક્ષણ આપ્યું હતું.

સદર રેલી ઉધના ઝોન ઓફિસથી મઢીની ખમણી થઈ સુરત – નવસારી મેઈન રોડ થઈ વાયા દેસાઈ ફળિયું થઈ મીરાનગર વોર્ડ ઓફિસ ખાતે પૂર્ણ કરવામાં આવી હતી. અંતે નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.સી.ભટ્ટે રેલીમાં ભાગ લેનાર તમામ મ્યુ. સભ્યશ્રીઓ, વિદ્યાર્થી, શિક્ષકો તેમજ સ્ટાફનો આભાર માન્યો હતો.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં, તા.૨૯/૦૬/૨૦૧૦નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૫૧ (ડભોલી)માં આવેલ ક્રિષ્ણકુંજ સોસાયટી તથા ગુરૂકૃપા સોસાયટીમાં થઈ પસાર થતાં ૮૦' પહોળાઈના ટી.પી.રોડમાં નડતરરૂપ સોસાયટીનો કમ્પાઉન્ડ વોલ તથા ત્રણ ગેટ દુર કરી અંદાજે ૮,૪૦૦ ચો.ફુટ તથા ઓરીજીનલ પ્લોટ નં.૧૬૭ માંથી ૧૮,૬૦૦ ચો.ફુટ મળી કુલ ૨૭,૦૦૦ ચો.ફુટ ટી.પી. રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૧૮(કતારગામ) ફાયનલ પ્લોટ નં.૨૨ માં આવેલ ત્રીભોવન સોસાયટીના સબ પ્લોટ નં.૧૪૦ ના માર્જીનની જગ્યામાં લગભગ ૨,૧૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી વિનાના ગ્રાઉન્ડ ફલોરના બાંધકામને આજરોજ દુર કરવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોન ની કામગીરી

આજ રોજ તાપી કીનારે સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કિલ્લાના મેદાન સામે, નહેરૂપુલના છેડે આવેલ રાજા ઓવારોની જગ્યાએ કે જે એલાઈમેન્ટ તથા સુડાના (**P - 32**) હિસ્ટોરીકલ પ્રિઝર્વેશનના રીઝર્વેશનવાળી જગ્યાએ આવેલ કુલ ૯૫ ઝુંપડાઓનું સ્થળાંતર કોસાડ ખાતે **Jnurm Project** હેઠળના આવાસોમાં કરવામાં આવેલ છે. તમામ ઝુંપડાઓનું ડીમોલીશન પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં આશરે ૨૦૦૦ ચોરસ મીટરની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સદર કામગીરી સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ શ્રી કેતનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક પુરૂ પાડવામાં આવેલ છે. જે માટે ચોક બજાર પોલીસ સ્ટેશનના સ્ટાફની પણ મદદ લેવામાં આવેલ છે.

**TOP**